શ્રી

સુરત શાન્તિ વિજય" નાટક કંપની

માટે

પાણ્ડવ વિજય.

અથવા

"ધર્મે જય ને પાપે ક્ષય"

નાટકનાં ગાયનો.

શ્રી મહાભારત ઉપરથી રચી પ્રસિદ્ધ કરનાર

લલિતાશંકર લાલશંકર વ્યાસ

(હેડ માસ્તર, નામદાર સર જ. જી. હ. સ્કૂલ, સુરત)

આ નાટક ભજવી બતાવવાની પરવાનગી
ઉપલી નાટક કંપનીને આપી છે.

આવૃત્તિ ૩ જી

દુખ દઈ કો સુખ ન પામે, એ પ્રભુ ન્યાયની રીત,
"ધર્મે જયને પાપે ક્ષય" એ, પેખશો જને ખચીત.

"દેશી મિત્ર" એન્જીન પ્રિન્ટિંગ પ્રેસ—સુરત.

આષાઢ ૧૯૬૩. ઓગષ્ટ ૧૯૦૭

કિમ્મત ૨ આના.

નાટકના પ્રવેશો.

નાન્દિ—કુંજ વિહાર (કૃષ્ણ ગોપીઓનો.)

અંક ૧ લો.

પ્રવેશ ૧ લો—દ્રોણાચાર્યની નિર્ધનતાની દયાજનક સ્થિતિ.

પ્રવેશ ૨ જો—દ્રોણાચાર્યનું પોતાની નિર્ધનતાને લીધે પોતાના પુત્રને માટે પયની જરૂર હોવાથી એક ગાયની યાચના માટે પોતાના સહાધ્યાયી રાજા દ્રુપદ પાસે પોતની સ્ત્રી સાથે જવુ. ત્યા તેનો તિરસ્કાર.

પ્રવેશ ૩ જો—પાણ્ડવ કૌરવોની દડાની રમત ગમત. દડાનુ રમ-ણી કુવામા પડવુ. દ્રોણાચાર્યનુ આગમન અને ચમત્કારે દડાનુ કુવામાથી કહાડવુ.

પ્રવેશ ૪ થો—ભીષ્મપિતામહે દ્રોણાચાર્યને પાંડવ કોરવોના શસ્ત્ર વિદ્યાના ગુરૂ તરીકે સ્થાપન કરવુ.

પ્રવેશ ૫ મો—દ્રોણાચાર્યનો, રાજા દ્રુપદ તરફ વૈર લેવાનો ઠરાવ કરવો.

પ્રવેશ ૬ ઠો—શસ્ત્ર વિદ્યાની પરીક્ષાને માટે રંગ અખાડો.

પ્રવેશ ૭ મો—પાણ્ડવોએ રાજા દ્રુપદને કેદ કરી દ્રોણાચાર્ય આગળ રજુ કરવુ. દ્રોણાચાર્ય ગયા બાદ દ્રુપદનો તેના ઉપર વૈર લેવાનો નિશ્ચય. અને તેને માટે યજ્ઞમાંથી પુત્ર ઉત્પન્ન કરવા પોતાનો ઠરાવ.

પ્રવેશ ૮ મો—બ્રાહ્મણોનો યજ્ઞમાં જવાનો આનંદ.

પ્રવેશ ૯ મો—દ્રુપદને ઘેર યજ્ઞ, ધૃષ્ટદ્યુમ્ન તથા દ્રૌપદીની યજ્ઞ કુંડમાથી ઉત્પત્તી.

અંક ૨ જો

પ્રવેશ ૧ લો. ધૃતરાષ્ટ્રની રાજ્ય વ્યવસ્થાની કચેરી. યુધિષ્ઠિરને યુવરાજ પદ આપવાનો વિચાર દુર્યોધનનો ક્રોધ. પાંડવોને કુન્તિ સહિત વારણાવટ મોકલી દેવાનો ઠરાવ. દુર્યોધનનો હર્ષ.

પ્રવેશ ૨ જો–પુરજનોનો શોક.

પ્રવેશ ૩ જો–પાણ્ડવોનો લાક્ષાભુવનમા ઉતારો. દુર્યોધનનો લાક્ષાભુવનમા કુન્તિ સહીત પાંડવોને બાળી મુકવાનો સંકેત. ભીલોની રમત ગમત. પાંડવોનુ લાક્ષાગૃહને આગ લગાડી સુરંગમાથી હોડીમા બેસી સહી સલામત નાસી જવુ, પુરજનોનો શોક અને ગભરાટ,

પ્રવેશ ૪ થો–પાંડવોનુ જંગલમા આવવું. હિડીમ્બ રાક્ષસનો વધ. હિડીમ્બા રાક્ષસીનો ભીમસેન સાથે બંધાયલો પ્રેમ અને વિરહ.

પ્રવેશ ૫ મો–બકાસુર રાક્ષસના ભક્ષને માટે એક બ્રાહ્મણનું પોતાની સ્ત્રી, પુત્ર, પુત્રી સાથે જંગલમા આવવુ; બ્રાહ્મણોના વેષમાં પાણ્ડવોનુ મળવુ. બકાસુર રાક્ષસને મારવાનું ભીમસેનને સોંપવુ. પાણ્ડવોનો તે બ્રાહ્મણને ત્યા ઉતારો કરવાનો ઠરાવ.

પ્રવેશ ૬ ઠો–દ્રૌપદીનુ ઉપવર થવુ. પોતાની મા આગળ લગ્નની ઢીલને માટે શોક. રાજા દ્રુપદનો, રાણી સાથે વિચાર. સ્વયંવર કરવાનો ઠરાવ.

પ્રવેશ ૭ મો–બ્રાહ્મણોનું સ્વયંવરમાં જવા એકઠા થવુ. પાણ્ડવોનુ ગુપ્ત રીતે તેમાં જોડાવુ.

પ્રવેશ ૮ મો–સ્વયંવર. મચ્છવેધ. તેમા ક્ષત્રિરાજાઓની નિષ્ફળતા અને બ્રાહ્મણના વેશમા અર્જુનનો જય, દ્રૌપદીનો અર્જુનને વરમાળ પહેરાવવાનો આનંદ. સ્વયંવરમાં આવેલા રાજાઓનો દ્રુપદ તથા બ્રાહ્મણો ઉપર ક્રોધ. આકાશવાણી.

અંક ત્રીજો.

પ્રવેશ ૧ થી ૪—અર્જુનનું તિર્થયાત્રા કરી દ્વારકામાં આવવુ. કૃષ્ણનો પોતાની બ્હેન સુભદ્રાને અર્જુનને પરણાવવાનો ગુપ્ત વિચાર. અર્જુનનો યોગીને વેષે હનુમાનજીના મંદિરમાં વાસ. બળરામનું યોગીને વિષે ભિક્ષાનુ આમત્રણ. સુભદ્રાને સોંપેલી ભોજનની વ્યવસ્થા, સુભદ્રાહરણ, બળરામનો કોપ. તેનુ શ્રી કૃષ્ણે કીધેલુ શાન્તવન.

પ્રવેશ ૫ મો—અર્જુનનુ દ્રૌપદી પાસે આગમન. સુભદ્રા સાથે અર્જુનના લગ્ન થવાથી દ્રૌપદીનુ રીસાવુ. સુભદ્રાએ માગેલાં વરદાન. દ્રૌપદીનો કોપ ને શ્રી કૃષ્ણને શાપ.

પ્રવેશ ૬—ઠો ધુતને માટે સભા. યુધિષ્ઠિરનુ દ્રૌપદી સાથે સર્વસ્વ હારી જવુ. દ્રૌપદીના વસ્ત્ર હરણ, ભીમનો ઉગ્રકોપ. કુન્તિએ આપેલુ દ્રૌપદીને આશ્વાસન, કુન્તિનો શોક, પાણ્ડવોનો વનવાસ.

પ્રવેશ ૭ મો—કૃષ્ણની કુન્તિ સાથે સધીની વાતચીત, કર્ણને પોતાના પક્ષમા લેવાનો બોધ કર્ણે ના પાડવી.

પ્રવેશ ૮ મો—કુરૂક્ષેત્રનુ મહાભારત યુદ્ધ. કૌરવોની હાર ને પાણ્ડવોનો જય

પ્રવેશ ૯ મો—ધર્મરાજાનો રાજ્યાભિષેક.

સુરત,
નાગર ફળીયું.

લ૦ લા૦ વ્યાસ.

શ્રી

પાણ્ડવ વિજય.

અંક ૧ લો.

સૂત્રધાર ૧

ધાતા ગિરિવરધારી, માયા અકલ પ્રસારી—ધાતા૦
જાયા સુર હિતકારી, દાર્યા દનુજ સુરારી,
તાર્યાં તુજ કર ધારી— ધાતા૦
ગતિ તારી અપરપારી, કરે જગને મોહનકારી.
ધારી કર રાશ અકારી, નીરાળી મતિ તુજ ન્યારી.
"કરણી તેવી પાર ઉતરણી," પથ સરળ દર્શાવ્યો નાથ
નવ કો સાચે યારી ખારી, પણ વશ સરવે તારે હાથ.
કર્મો ધર્મો દાખી વારી, લલિત લિલા હરિ કર ધારી

સૂત્રધાર ૨

કૃષ્ણે ધરી મુરલિ મનહર અધર રસાલ.
સુરવર નરવર નટવર સુરપુરિ દૃગને નચાવી દીએ થેઇ થેઇ
તાલ.—ધરિ મુરલિ૦
વદન મદન મદસદન શમન ધન જનન મરણ ભયહરણ
તરણ મન,
મનન પરમ પ્રભુ રટણ રસનજન, મન કરે વિકસિત છેદિ
ભવજાળ—ધરિ મુરલિ૦

નારદ— ૩

રામ રસ ચખ રસના સુખદાઈ—રામ૦
પામે સુખ કયારે ? રામે રસ જ્યારે.
વામે પાપ કયારે? નામે શિશ જ્યારે. રામે મિત પ્યારે૦
સુખદાઈ—રામ૦
સત્ય શુદ્ધ પ્રભુ નામ સર્વદા. વદિવદિ નવનીત પ્યારે,
જ્ઞાતા ત્રાતા ધાતા આશા પ્રભુવર પુરી કર
છેદી ભેદી પાપી કુધી શાન્તિદા—રસચખ૦ રામરસ૦

ગોપીઓ— ૪

કૃષ્ણ ચદ્ર પ્રેમ અગ, બાઝી ગોપી સુકંદ, રમે રાસે રસે
કુજમાંહીરે કુજમાહીરે, સાથ બાલા, પ્રેમ કયારિયે (૨)
છેલ છબી ન્યાળિએ, નેન તિરછી તાકીએ—કૃષ્ણચદ્ર.
રમે રાસ ખેલ મદ ઝરે, સ રસરે,
લટક લટક ચાલ કુંડળ ઝળક લળક પલક વન્દિએ,
મનથી, તનથી, રંગથી, રાગથી–વર વર વરીએ–કૃષ્ણચદ્ર.
શરદ ચદ્ર ઘન ગગનને, ખિલાવી દેતો રગ;
ચમન ઉર યુવતી ચ્હડી, અનગ ભરતો રગ
મારા મારા મરણકાર ચરણ શરણ રાખીએ,
વદીએ વદીએ, વર વર વરીએ. કૃષ્ણચદ્ર.

મહીઆરી— ૫

હાંરે કોઇ મહી રસ લો, મહી રસ લો.
હુ તો નાજુક બાલા કુમલી, મુજ શિરપર ગોરસ મટકી,
ગલિ ગલિ વેચું રસ ભટકી.- હાંરે કોઇ૦
ખસો આઘા છેલૈયા, રગી રેલૈયા, મૂકો બૈયાં, ગીરધારી,
શર્મ ન્હોય, કોઇ જોય, આ શુ સ્હોય, નાહી રે. ખસો૦
માથે મટકીઆં ફુટે, સટકીઆ છુટે છતિઆ, ખસો છૈયા,
કોટે મોતનિઆ તૂટે માલનીઆ, ચૂટે કલિઆં,, ખસો છૈયા.
રાજી હુ રાજી, આવુ જી પાછી, આપુ જી તાળીજી, મદિરિઆં.
આવો આવો છેલૈયા૦

કૃષ્ણ ગોપીઓ— ૬

ચાલો ચાલો મોહનિઆ બંકે, રસિક કાં તરસાવો
નાચો નાચો સ્હાઇ કલિઉર, રગિલા ભરપુર–રસિક૦

પ્હેકી નાખું પંખે પવનની, ન્હાસો છિદ દૂર. હે પ્યારા !
હઠો બસ દૂર રહો, (છટ) બીડી બાથ કેલી કરો.
આવે શું નાહીં શરમ ! (નહી) ચુમી લઉં ઘેલી ગણો.
ચાલોજી ચાલોજી મ્હોલ–(જાઓ, બસ, નહીં,) ચાલો ચાલો૦

દ્રોણાચાર્ય ૭

મ્હેણું માર પ્યારી, બળતાને બાળે તુ શુ ?
બાળી સંતોષાતી નાંહી, લૂણ છાંટે છે શુ ?
પ્રિયા કહે તે સત્ય બધુ છે, અક્ષર એક ન જૂઠજો.
બાળક રડે નવ પયનું સાધન, ઘરમાં અન્ન ન મૂઠજો.
રૂપ માપ થાએ છે જગમાં, ક્ષુધા રૂપ અમાપ કારી
કરમ લેખ મીટે ન પ્યારી, કરમ લેખ મીટે ન–મ્હેણુ૦

દ્રોણાચાર્ય ૮

બહુ જીવો રાજન્ દ્રુપદ ! દુખિનાં દુઃખ હરતા,
દયાળુ માયાળુ પરમ સુખદાતા નૃપવરા;
પ્રજા પાળી પીડા પરહરી પ્રભૂ પ્રીતિ વરતા,
પુકારિ અંતર્થિ જન સરવ આશિષ વદતા.
દ્વિજોને ભિક્ષાની સરિત તુજ હસ્તે રહી વહી,
તપો રાજન્ તારૂં, બલ ભુતલમાં થાઓ ઉનતિ.

દ્રોણાચાર્ય ૯

રાજા તુ જાએરે શું છાકી, ગર્વે મદેથી અજ્ઞાન.
જોજે કેવો હુ બતાવુ-- રાજા૦
તુ જરથી ગરવે છકયો, નિચ ! તે તારો ન રૈયેય
તુજ મનથી લહે ભૂપ હું, ઓળખ લે નિશ્ચેય
એએએએ—નકી, જો, જે.
કગન તે લોહ બેડીરે નકી, થાએ ઓ રાજન
ધિક ધિક ધિક ધિક છે, રે ગર્વી નાદાન
એએએએ-ધિકકાર હા.

દ્રોણાચાર્ય ૧૦

હર હર હર ! બળ સરવ તમ અફળ થઇ સુધ કુશળતા
પુર લજવાવિદે—હર હર હર૦
સકલ અવનિમાં કિરતિ કીધી યશ વિનાની કલંકિતી.

વીરબાહૂ થઇ શૂર રાજી બની પુરા આજ નિરબળ, ફિટ ફિટ
ફિટ ધિક્કાર—હર હર હર
રે ધિક્ક છે ક્ષત્રિના બળને, ધિક્ક તે ઉચ્ચ કૂળને,
રે મંત્ર સરવે વિફળ છે રે, શું અજા શાર્દૂલ જે ?
રે ભર્તભૂમિ માહી જન્મી માતને શુ લજવતા ?
રે મર્દની શુ બની ત્રિયા ? વૃક્ષની શુ બની લતા ! સફલ૦

ભીષ્મ ૧૧

પડો ધીરા ઓ વિપ્ર વર્ય, શાન્તિ લો અપાર,
લો વિશ્રાન્તિ દો ઉતારી, ધનુષ કેરો ભાર—પડો
સાથ પ્રિયા આહી રહો, મિત્ર સૂખકાર;
શોક સર્વે વર્જ કરો, લો સુખો હજાર—પડો
રાજકોપને આ કુરૂ, પાંડુના કુમાર,
ચર્ણ શર્ણ છે સદા, રહે ભિખ્ખ ન લગાર—પડો

દ્રોણ— ૧૨

તારી ગતિ હરિ ન્યારી, તારી મતિ અપારી, હવે જોજે સો
પ્વારી તારી થાએ રાજાન.
તારો ઘાટ ઘડું પૂરો, વળી ઠાડ કરૂ ચૂરો, હવે ચૂકયો પડી
હુ ન્પુરો મેદાન; કરૂ સરવે હું તારૂ ખેદાન મેદાન
માનપાન પ્યારૂ, સરવ તાન તારૂ, જોજે કેવું કરૂ હુ છુ સમસાન
બસ એજ હવે વાત, ધરૂ બીજી ન હાથ, કરૂં તારાજ તારાજ
(બસ) એજ એજ એજ, (૩)

રાજકુમારો ૧૩

કરૂણાલય કેશવ કમલાપતિ, કમલનયન મર્દન કાલી—કરૂણા.
નરકનિવારણ નરહરિ નાગર, નિત્ય નિરંજન નગધારી,
માધવ મુરલીધર મગલકર, મણિધર મન્મથ મદહારી,
રામકૃષ્ણ રાધાવર રસમય, રંજન કર હરિ ગીરધારી—કરૂણા.
સદગુણ સાગર શ્રીપતિ સાચા, સુરપતિ શ્રીકર સુખકારી,
દીનોદ્ધારક દુર્જય દુખહર, મદન દલન દમ મદધારી,
શરણ દીનને પાલનકારી, દાનવ દર્પ દમનકારી—કરૂણા.

રાજકુમારો ૧૪

આજે સગ, મળીને સરંગ, મચાવીને દમ ઉમંગથી.
રાજે તંન, સતેજે બદન, સતેજે વદન કરીને ક્રસી.
હવે સૌ થાઓજી, ત્વરાથી જાઓજી
છીએ, સહુ, તૈયાર આમ, હરદમ ચમન સુરંગ.

અર્જુન— ૧૫

શું તું ગણે મને તુજ સમાન, નીચ નીચ તુંને લાગ્યું છે નાન
શું પ્રિય નથી તુંને તુજ પ્રાણ— શું તુ૦
તને નથી જરી શાન ભાન, ફોગટ ફિતુર ખાલી જ પ્રાણ
જરા સમજ સમજ નથી ભાન— શું તુ૦
રમાડું તુંને એવે ઝપાટે, પાડું ધરણીપર કેવે સપાટે
ટાળું તમામ ગુમાન— શું તુ૦
વિના તેડાવે વિના બુલાવે, શું આ મંડપને તું ભુલાવે
(જા) જા જા થા ઇનસાન— શું તુ૦

અર્જુન-કર્ણ— ૧૬

શું મિથ્યા વેણ વદે તું, શું ફાંકી લવે છે મદે તું—શું મિથ્યા
બસ સમાલ તુજ જબાન, નવ આ વિર ક્ષેત્રે કો માને—શું૦
રમાડું તુજને કેવો આ સ્થળ, સ્વાદ પ્રેમે તું ચાખે
હોય પરાક્રમ તુજ ઉર સરમાં, આવ, શું મિથ્યા ભાખે-શું૦
એ મંડપ ક્યાં નથી જ ત્હારો, શું તુંને પૂછી આવું
તુજ બાણુંમા હોય પરાક્રમ, નિકળ બ્હાર દખાડું
બસ આવ, બસ આવ. શું મિથ્યા

બ્રાહ્મણો— ૧૭

લાગ્યો હાથ સુંદર શિકાર વાહવા
તાલના આવે ફેરાવો. વાહવા.
આજે મઝાનો ન પાર વાહવા
ડોસી આ બીચારી ભોળી, ભાવિકો પ્રભુ [illegible]ધાર-લાગ્યો
વિપ્રો આ સર્વે પુરા છે જ્ઞાની, પિતુનેરે તારનાર
ખીલાવી એને મરકો લગાવી, કરો મસાલો યાર.
સાચી કમાઇના ઘરડાના પૈસા, ખર્ચો બા થાય કાયસાર
લાડુ ગગળતા ઘીના ઓ માજી, ઠારો કે થાય પિતુ તાર તાર તાર
માજીમા ઠારો કે થાય જયકાર—ડોસી૦ લાગ્યો૦

બ્રાહ્મણો— ૧૮

આજે માયાના રંગે રીઝવો ઉમંગે જરા કસર નવ રાખીએ.
વાહ ખુશી મઝા અતિ આજે, પેટ થઇ તડાતુંમ ગાજે;
આ દેખું હું લાડુના ટોપલા, પેટે બાંધુ હું તેના પોટલા

હવે ચાલો જમનાજીને ઘાટે, લ્હેર આવે નેન વાટે:
ચાલો પડોની વાટે. આજે.

દ્રુપદ— ૧૯

વૈર વન્હી ઝાળ ધુમી રહી (૨)
ધુમ્ર ગગનમા સમાતો નહી—વૈર.
નિશદિન પલ પલ હોણુ વચનશર, સ્હાર સ્હાર કરતુ
કરવત વત વ્હેરી તન તતર, દાર દાર કરતુ
બ્રહ્મ તેજ છે ક્ષત્રિ તેજથી, અતિ ઘણુ ભારી
અસ્ત થવુ તમ હસ્ત ન ભારી, કરી અરી ખ્વારી
યજ્ઞ કરો કો ઉગ્ર એહવો, અરી શીર કાપુ
વૈર દેવીને તૃપ્ત કરો, ધન મનમાગ્યુ આપુ—વૈર.

આકાશવાણી— ૨૦

આ કૃષ્ણ વર્ણી તનયાનુ નામ,
છે દ્રૌપદી સૌંદર્ય ધામ—આ કૃષ્ણ,
વિરમફ સર્વે જરજરી કરશે, હરી ક્ષત્રિનુ અનહદ માન,
વૈર સાધના પૂરી કરશે, ઠામ ઠામ અમિ ચાપ બાણ—આ,
હયદળ ગજદળ ગગન ગબડશે, હણી જોદ્ધાના સત્વર પ્રાણ,
ક્ષત્રિ લોહીની સરિતા વ્હેરો, ઠામ ઠામ પુર હાણુ હાણુ—આ.



અંક ૨ જો.

દુર્યોધન— ૨૧

કરો વૃથા શો વેશ પિતુજી, દુ ખ દેવા કાજે
છેક અકલને નાખી આવી, કરતુ અહિત આ તે—પિતુજી
વડા પુત્રને છેક વિસારો, શરમ શરમ થાશે,
ટળવળશે તન કાર્ય બિગડશે, નેમ દૂર થાશે—પિતુજી
તોલ કરો જરી આમ વિચરતા, વદન વચન લાજે,
ઘડપણમા ગઇ ડાગળી ચસકી, માન ખડ થાશે—પિતુજી.

દુર્યોધન— ૨૨

હિત તમ પિતુ મન મુજ પ્યારા, શંકા ન લાવો વિચારો
મુજ પ્યારા—તમ,
થાશે ના કોઇ આવા હિતૈષી, બધુ સદાના મારા પ્યારા
આનદકારી વાત વદી છે, મગળકારીરે મુજ પ્યારા.
સપે રહો સૌ પાચે બધુઓ, કુન્તિ સુમાતા સાથે પ્યારા
રાજ માહિતી મેળવો જઇને, તેમ વળી કીર્તિ યશ પ્યારા.
જોઇ શકુનો સીધાવો આજે, થાય જેથી કલ્યાણ ઓ પ્યારા.

દુર્યોધન— ૨૩

ઇંગાર તે કેવો સળગાવ્યો આબાદ, કેવો ઉતાર્યો એ દુષ્ટોનો નાદ
જોઉંછુ થાએ શુ કેવી બીછાવુ છુ, જાણો હુ આજકાલ કેવો
ઉસ્તાદ—ઇંગાર૦
જગતને જાહીર કર જોઇ લો શી હીર ધરૂં, એવી તદબીર કરૂ.
થાએ ખુવાર
ઉસ્તાદ ધુરધર આ સૌનો સરદાર, છું હુ કેવો ભયકાર શુ
જાણે હિચકાર
કેવો વર્તાવુ ત્રાસ, જેનો આભાસ, જરી નાવે લગાર, પાર
પાડુ વિચાર.
કેવો મસ્તાનો હું વાઘ, જગત શુ પર્ખે ? ઉસ્તાદીની આટ !

પ્રજાજન— ૨૪

કેવો જુલમ આ ભારી વરતે પાંડવ શિરપરજી.
હાય પડી શી આફ્ત ભારી, જે નહીં વરણી જાય;
રક્ષણ કરતા ભક્ષણ કરતા, થાય જુઓ છો હાયરે—કેવો
રાય યુધિષ્ઠિર કેરી બુદ્ધિ, નિર્મળ સત્ય પુનીત,
રંક રૈયત હાય કેમ જીવે જ્યાં, કોરે કપટનો કીટરે—કેવો
દુ:ખ દઇ કો સૂખ ન પામે એ પ્રભૂ ન્યાયની રીત,
"ધર્મે જય ને પાપે ક્ષય" એ પેખશુ જાતે ખચીતરે-કેવો.
રાય યુધિષ્ટર ચર્ણ તણી રજ, પાવનકારી પતિત.
કલ્યાણકારી શિરપર ધારી, થાઓ અમીત પુનીતરે. કેવો

ભીલડાં— ૨૫

આજે ખુબ સરાબ, પીઓ રંગીલા ગુલજારા
ભરી પેટ પીઓ, પીઓ, પીઓ, પીઓ, પીઓ–હી, હી, હી,
રહો અધુરા જરી ન બાપલા---વાહ વાહ
રંગી ઉડાવી જંગી નાચોરે ફાકડા–વાહ વાહ–આજે ખુબ૦
ભરી પેટ પીઓ, નાચો કુદો નાચો કુદો—હી, હી, હી,
રાજાજી લાગીયા, હાથે છે વ્હાલા—વાહ વાહ
ખાલી કરોને વ્હાલા આજે બાઘુલા---વાહ વાહ.
વાહ વાહ, વાહ વાહ, વાહ વાહ---આજે ખુબ૦

પ્રજાજન— ૨૬

હાય, અરરરરર ! આ શુ થયુ, દૈવ તે શુ કયુ.
હાયરી, મ્હેલમાં આગ શી લ્હાય શી---હાય, અરર૦
ભડભડભડ શાં બળતા ભડકે, કડડડ કરિ શુ પડે,
ધડડ ધડડ ધડ ભીંતો પડતી, ધરણુ ધ્રુજી ધધણે.
અટારી. અગાડીની ખ્વારી શી ભારી જોઇને ફાટે છે છાતી.
રાજ્ય શત્રુવટ ધરાવનારા કો અરિ દુખદ મળ્યા.
કુન્તિ માતની સાથ પાંડવો, બળી જળી ભસ્મ થયા.
પ્રભુજી આ શી દુખીઆરી અકારી, લાચારી [illegible]
[illegible]ભારી—હાય

હિડંબા— ૨૭

વિરલા પ્રિતમ મુજ પ્યારા, મદનાકારા,—વિરલા
જરી જુઓ આમ મુજ સામું, મુજ શીશ તમને હુ નામુ
દુ:ખ મુજ સરવે હું વામુ, રંગિલા રસિકડા ફાંકડા–સી. (૩)
લલના નાજુકડી બાળા, કરી રહીછે કાલાવાલા
દો આલિંગન મુજ વ્હાલા, છેડોને પ્રીતી ઝણું વણુ–સી (૩)

હિડીંબા— ૨૮

ખિલિ ફુલકલિ આ ખરિ જાય, પ્રિતમ પ્રેમિલો જતા,
તન વેલડી તફડી તવાય, નીર નાવિલો ન જ્યા
ગીર સરગો ચાપી પ્રિયા, કોટી કોટી કરનાર;
તરછોડી પ્રિય, અંગના (શિર) મારો વિરહ કટાર.
પ્રિયપ્રિય કરતી અબળાય, ઠુરાએ હાય, પ્રિતમ પ્રેમિલો જતા
ચમ્મ તણા તારા થયા, લગની લગાડી જ્યાય,
વિરહ શરે શિર વાધીને, કરો રૂધિર સર ક્યાહ
પિયુ પિયુ જપતી રમનાય, લુકાયે હાય પિય પ્રેમિલો જતા.

બ્રાહ્મણપુત્ર— ૨૯

માર એ દાનવને ઠાર, પ્યારા પિતા આપોની મુને
તલવાર–હુ
હુ નાનકડો સુત શૂરો, વીર યોદ્ધામાહી પૂરો
પલમા લાવુ એનો પાર—હુ
તમને બગાની માત માગી, [illegible]
[illegible]

દ્રોપદી — ૩૦

વિકળરે હુ, નહીં ચેન ઘડી પલવાર
મારે હૃદયે નાંખી કટાર, હાયે હાયે વહુ શતવારરે–વિકળ૦
નિશ દિન પલ પલ કાળજ ધડકે, સાજ સહજ અકાર,
પામર યુવતિ તનમન તાપી ચંદ્ર પિડા દે અપારરે–વિકળ૦
ચાપ કસી કરી માર અડી ઝડી, યૌવનપર અસવાર
રાંકડી બાળા મુઝાઈ મરંછું. નાવે દયાય લગારરે–વિકળ૦

દ્રુપદ—રાણી— ૩૧

મન મુજ આધિ કેમ ટળે, પળ પળ આનુ ધારે ગળે.
હર નિશ અગી અગી આગ થાય મુજ તનમન ઝુરિ ઝરિ
જાનુ ગી.
પુત્રી લગન નવ હો થાય તો. ક્યારે થાય વિચારો-કેમ
નરવર વરવર પાંડુ તનય નકી, અરજુન મુજમન ધાર્યો તો.
હાય ! અધમ દુર્યોધન દુષ્ટે, બાળ્યો લાક્ષામેહેલે કેમ.

ઝકુભટ—તેની સ્ત્રી— ૩૨

મુઓ ન્હાસી આહી આવીઓ. જુઓ ભગડ બરાએ ભરાએ.
જુઓરે આલમ, મારો એને ધમ, થાય ચમચમ, પડે ત્યારે ગમ,
બાયડો બનિઓ બાયડો, એનુ ઓનાય શુ કાઇ જરાએ-શી ચુપ
રડા ઓ રતન, જાણે આવી જમ, જાણો મારો ભ્રમ, લેતીજા
ભમ
રાંડે નાળજ ડારીકોં, લાંબા નીપાઇ કા જાઓ જરાએ. શી.

દ્રોપદી— ૩૩

હે પ્રિય સખીઓ, શુભ પ્રસગે, અતિ ઉમગે, મડપ રગે,
આનદ કરીએ
ચરણ સરણ જઈ, શ્રીકર દેવકી-નદન સુતને રાધારમણને
પ્રેમથી નમીએ.
લગ્ન ખુશાલીનુ ટાણુ રૂડુ આ, શુભ ગીત વાદ્યથી ભરિએ.
આશિષ લો મ ગી મુગ્વર નમીએ, વિઘ્નવિદારણ વર વર વરીએ.
જકતપાલ પ્રભુ જય જય દેવા, અકે તમારે શિર ધરિયે.

અર્જુન— ૩૪

સાહાયે તમારી મને આજે રે નાથજી મુરારે.
રાખો હરી રંગ, સરવે અખડ, હસ્તે વિરાજી પિતાજી
ધાઇ બ્હારે.
લાજ મારી હાથ હે, પ્રભુ રહી તમારે;
ગાઉં શ્રા ગુણ વિણુ બાળ રહ્યો તમ આધારે.
કરે તમ દાસ આ રંગ મંડપે કાલાવાલા;
પાડો તમ પાર મુજ આશ પૂરં [illegible]

દ્રૌપદી— ૩૫

પતિ આવો પ્યારા પ્રાણજીવન વરી ચૂકી આજ હું;
મુજ અંતર ઠાર્યું મદન સદન, રહી રાચી રાજ હું.
પ્રિય પ્રેમપુંજ હું શર્ણ; નમુ ચર્ણ, ઢળી ધર્ણ, છું દાસી. હું.
વપુ તુજ વેલી વાકલડી, ઝગિ અવની રહી વીજલડી.
કમની કમલીની ખિલી સરમાં. રસ ઝરતી, નયને સરસ
મદ ઘેલી. છબિલી રંજન કર કેલી પ્રિય

દુર્યોધન— ૩૬

ખસો ખસો શિર છેદું આ દાર, વાર નાહી લગાર—હાં વાર
ઝટકે ઉઠાવો ઝેરી તલ્વાર. છે એના શા ભાર—હાં-વાર
અરે કંગાલ, ઊતર નિર્માલ, ઊડેરે ઝાળ, ઊતારૂ ખાલ;
કીધું અપમાન, કરૂ બેજાન, અરે નાદાન, નિકળ મેદાન;
શિદ શિર તું ધ્રુપાવે હિચકાર, છે તને ધિક્કાર—હાં-વાર

દુર્યોધન— ૩૭

ઝટ જાઓ ખસી વિપ્રો, જાઓ દુર દુર થાઓ
આશ્રય આપી ક્રોધ અમારો, નવ તમપર લો વિપ્રો હોરી
નહીં મુકો તો આ ભુજ અસિથી, નાખીશ કાળજ કોરી—
રે ચંડાળ, રે તૂ બાળ, મ્હોડું તારૂ આવાર
શરમ છે, શરમ છે, શરમ છે મુખપર.
હરામ જાતી, શિતાન જાતી, ભિખાર જાતી—ઝટ૦

આકાશવાણી— ૩૮

રે શાંત, અરે ઓ શાન્ત, રે થાઓ અરે ઓ શાંત.
રે શાંત, અરે ઓ શાંત રે થાઓ અરે ઓ શાંત.
લડો બહુડો શું કામ ? જાણો છો ? શું જાણો છો ?
ખસો ખસો તમામ, ઓ રાજાનૂ સુણો સૌ કાન,
આ, વીર, ભીમ, અર-જુન, આ વીર ભીમ અર્જુન (૨)

અંક ૩ જો.

ભકતજનો— ૩૯

જય જય જય બજરંગ દુલા અંજની સુત રંજન સુખદાતા,
નિશદિન પલ પલ ધ્યાન ધરે સબ રંગરાગસે ગુન ગાતા.
સ્નેહ મુરતિ રામ સિતા ઓર લછમનકી જગ બિખ્યાતા.
રંક ભકતપર કીરપા કીજે એહ બીનતી સુન ત્રાતા
રાવનકા અભિમાન તોર કર લંક જલા કર દી શાતા
રામ નામ સત એક અચળપદ ચરન શરનસે જન પાતા.

ગરબો— ૪૦

જો સખી ચંદ્ર ભુલો પડયો, ગગન થયું ધનઘોર,
અવની પર આ ઝગી રહ્યો હરિ સખીનું મુખચોર.
આજે શી રંગ રેલ છેલ, રંગીલીને ઉરે ઝ્હડીરે લોલ
માનિનિ મદ મન્મથ ચકચૂર—શામાજો.
નેપૂર ઝણકાર છમછમ કરેરે લોલ
કંગનસુર સૂર પુરે તાલથીરે લોલ—આજે૦
નવલ લતા શી ખિલી રહી, નયન સુમન મધુ વાસ,
કૈક ભ્રમર રસ ચૂસવા, ભ્રમણ કરે ચોપાસ,
રંગ ભેર આજે મુકે વધુકર, ઝુકે વપૂવર
ગૌર અંબરમાં રાજે રતિ શિ રંગી રંગમાં
શોભે શામા સખી વૃંદમાં, સખિ કાન્તિ અધીક દીપે અંગમાં.
ચપળા ચમકી અકાશામાં, બાળે અવનિ શામ,
શામા સુંદર કાન્તિએ, ઠારે નયન તમામ.
કટિતટ શોભે કેવિ કંઠે મુકતામાળરે
ઝ્હડાવી હાથ કંગની, શી બાળમાં શી દામિની
સૌ હળી મળી સખી ગાઓ મંગળ મંગળારે લોલ,
રિઝો રિઝો સહુ પુર કર દઇ તાલરે—ઝ્હડાવી૦.
તનમન શાંતિ સર્વદા, દીર્ઘ જીવન સૌભાગ,

પ્રભુ આપો પુરી કરો, વીર પતિની આશ.
ચટક ચટક ચાલથી ચાલિ, ચમક ચમક નેનથી ભાગી
ઝમક ગમત આજ પુરી કરી, લટક 'મટકથી' લો વધાવી
ઘુમઘુમઘુમઘુમ થૈ થૈ નાચો છનનન છનનન સુર પુરી
આપો—સૂર. આજે શી૦

અર્જુન— ૪૧

રે મન મુજ ઉછળે આ શું !
રે શિદને આજે આમ કેમે ફર ઉછળી ઉછાળી દર્દ દાખે શું !
જાય ઝપી, જાય ચપી, જાય ખચી આ નયન.
અભ્રમાથી વીજ ચમકી, જાય ખચ્ચી મુજ તન—રે શિદ—રે મન
સૂર્ય તેજે દીપ ઝખે, આસ કાળે ચંદ્ર જ્યમ,
તેજ ક્ષીણ થાય શું આ, શે વિકારે મુજ તન—રે શિદને—રેશમ

સુભદ્રા— ૪૨

જોઉં શુ હું જોઉં આ, જોગી રાજ અગ
નાહી ચેન, આવે ઘેન, મારે નેન,—જોઉં૦
યોગીરૂપ રગ, ભિતરમાં પ્રીતી, તનમા અનંગ ધીકી, રોમે
રોમે સુરાગી,
શીરે જટા, ભસ્મી ઘટા, શી ધ્રુચ્છા છે આ જોગીડા,
તનમન રાજે, પ્રેમ ગાજે, આજે સાજે ખરે.—વ્હારે જોગી
રાજ અગ.

અર્જુન ૪૩

રસિલિઆ, કેવી કેવી મીઠી મીઠી રસીક રગીઆ,
સુદરી આ વસી તનમાં, આ મનમા, દરશનમાં
હું મોહી મોહી મોહી રંજની આ નિરખુ આ—રસિલિ આ.
શું વીધીએ મારે કાજે, વિરમી નીરમી છે એજ.
કોટી સુપુણ્યો જો મેં કીધાં તવ પામું હું તનેજ
તકદીર મારે, સાજ સજેલી, નશીની, પ્રેમીલી, સુકલીઆ—
રસિલિઆ૦

અર્જુન ૪૪

આહાહા ! હું શું શુ ખાઉંરે, ભોજન આ મારી પાસ
સામી ઉભી રહી લલનારે, મારૂં મન નહી લાગેરે (કેમ નહી ?
આહાહા ! હુ શું શુ ખાઉંરે. [૨]
બીરજ કેરો સુન્દિર કીધો, કસ્તુરી શી રહિ ખુબ ખીલી
નહિ નહિ એમાં સ્વાદરે, (એલચી, જાયફળ, જાવત્રી,
નાખ્યા [૩]
નાહી નાહી એ તો ભાવેરે--રે હુ શુ શુ ખાઉ રે-૧
દૂધ સરસ શાકરિયારે, એથી ભૂખ નવ ભાગેરે. (વાહવાહ
એ એ નહી ?)
એ હુ નાહી ખાઉંરે--આહાહા ! હુ શુ શુ-
લીંબુ તણો રસ નીચવુ શાકે, ગાલ લાલી ચુમી રસ બસ દીજે
બસ બસ મ્હસ ભૂખ એથીજ ભાગે-(ખૂબ ખૂબ, લીઓજી,
આપોજી, વાહવાહ, વાહવાહ, વાહવાહ)
કેલી કેરો આજેરે, રેહુ એજ ચાહુ રે, પ્રીયે રસ છે એમાજરે

અર્જુન—સુભદ્રા— ૪૫

નહી પ્યારી નહી પ્યારી, લો શ્રમ નાહી આવડો,
લો શ્રમ નાહી આવડો, મર્ડાય કર નાજૂકડો.--નહિ.
જલકણ ઝાઝા મુખપર બાઝયા, આ શી પ્યારી વેઠ આ,
એ મોતી પ્રોઉ,માળ ગુથાવુ, કંઠ શુભાવુ મૂજ આ-નહિ.
નગ્વર પ્યારા મન હરનારા, સેવા મૂને ગુખદા
મ મેથી ખાઓ ને ખવાડો, બીડલુ આ રગદા--નહિ.

સુભદ્રા ૪૬

નાના પ્યારા એમ શુ બોલો, ઘટે નાહી એવુ કરવુ જરા
આ તમને
જાઉ હવડા, જાઉ મુકી દે, (ના નહિ છોડુ—ના નહિ છોડું)
પ્યારી મારી ચાલ મડે તુ,
(ઘણુજ સારૂ ઘણુજ પ્યારૂં, ઘણુંજ મીઠું જેવીરસ
દુધમાંહી સાકર મિલાવી ગળી ગળી આ—

આવું શું રાજ હું સાથ તમારી, પ્યારા મારા નવ જાણી
રીસાવી.
વિલાસને રંગ રાગ કરો ખુશી થઇને—નાના.

૪૭

અરે ઓ તુ જા જા ઝટને, અરે જા જા તુ ઝટપટને,
સ્વામિજીને પુજીયે પ્રીતેથી આજે,
ચરચા ચંદને રાજે.
ચંદન અર્ચા કરીએ, હારથી શોભાવીએરે, સ્વામીજીને,
અગંજા સુગંધીવાળી, લાવ તુ દાસી સુખાળી
મદનો કરો આ વારી, થાક નાખીએ ઉતારી
હેમ પુષ્પે જાતજાતી, મળે જેથી પુર્ણ શાંતિ

સુભદ્રા— ૪૮

રે ઓ શાણી નીત્યે સેવા હુ બજાવુ, હેતે રાણી.
જરી રીસ નાણી, ખરી સ્નેહ ખાણી, ગણી લ્યો સુજાણી.
તમારી આજ્ઞા હુ ખરા દીલથી તનમનથી પ્રીતીથી
પાળુ હુ પરમ પ્રેમી વ્હાલપ શરણુ શુ લોપુ નહિ,
સદાએ વર્દ્ધાન કેવા, હેતથી દયા સુમેવા
મતિ ધર્મેજ રેવા યાચુ હરનીશ મેવા,
મુજ વાણી સુણી, પ્રસન્નતાથી આપો રાણી,
રાજગાદી હોયે તનુજ મુને તેને રાણી,
એજ છેરતુ ખરે વર્દ્ધાન રાણી,

અર્જુ-દ્રૌપદી-સુભદ્રા— ૪૯

કેમ રીસાઓ શુ કામ, પ્રેમીલી પ્રિયેરી જુઓ જરી આમ
ઘણે કાળે આવ્યો વ્હાલીરી હુ તો.
(જાઓ જાઓ બસ)..............કેમ
હોએ સુભદ્રા જાઓની સાંએ.
આમ અરે આમ પ્યારી ઓઢ્ઢુ શુ લાવો છો શું કામ
સોક્યનું સાલ તમે ઘાલ્યું પ્રીતમજી

નહીંરી, ઉહુ, જરીરી, ઉહુ, કદી નવ જોઉં.
હુ તો જરી નહી દુભાવુ તમને
હુ અરે હુ, કદી ના સતાવુ શી દલગીરી આમ—કેમ

દુર્યોધન–દ્રોણ–ભીષ્મ 　　　 ૫૦

કટુ શરવત ગુરૂ તમ વાણી, હુ નહીજ સાખુ જરીરી
અંતર શિદ નાખો વિદારી, ઉર ઝાળ મ્હડે છે ઝગારી.
ચુપ કપટ કીટના વારી, મદ ઉન્મત એ અભિમાની.
જ્વાળા ઈર્ષા ઝળળ પ્રજાળી, નિશ્ચે થાશે ખ્વારી.
ધર્યો કર તે સર્પ મુખેરી, વિષ વૃક્ષે વૈર સીંચેરી.
ફળશે તવ રેહેશે રડીરી, રે સમજ સમજ તુ જરીરી.

દ્રૌપદી—　　　 ૫૧

રે આ, રૂદન કરૂ હુ નાથ સુણો, દાસીનો આક્રંદ,
હે દલન દુખ ગોવિંદ,
આ વિલાપ સુણી ધાઓ વ્હારે, આ દાસી દીન રંક,
હે દલન દુખ મુકુંદ.
હુ અબળા નિરાધાર, લાજ તમ કર નિ શંક,
હે વ્રજપતિ ગોવિંદ
આ કૌરવ ભુજંગ વચ્ચે, પડયુ ફસી આ અંગ,
છોડાવો હે ગોવિંદ.
આ કૌરવ સાગરની મહી, ડુબુ હુ દાસી રંક,
કર સાહો કોમલ તંત.
તમે તાર્યા અજામિલ, વળી પ્રલ્હાદને ગજઇન્દ્ર,
શું ફુંજ ભાગ્યમંદ.
છે દાસી ચરણ શરણું લાજ, રાખજો ભગવંત,
દયાળુ હે ભગવંત.

ભટ—ભટાણી— ૫૨

મારા જેવી ને બૈયર ફુટડીરે, જેના એસે હજારો હજારરે—
મારા.
જરા હસ્યાના હેંગી હજાર, જરા નાચ્યાના નેવુ હજાર
જરા લટકામા પચ્ચુ હજારરે—મારા,
તારા સરખીરે નાર શંખણીરે, મારા કર્મે લાગ્યા શા આ
ભોગરે તારા.
જા જા ગધાતી ગોણી એ નાર, કોડી ઉપજે નહિરે બજાર,
તુ મરે તો નાખુ આ વારરે—મારા.
મારા ગાયનમા સુલતાન હજાર, હું તો સુલતાનના ભાવની
છું નાર,
મારા પલ્લારમા લાખો તલ્વારરે—મારા
મારી કોટીના કોટી હજાર, મારી ઓટીમા સોટે હજાર,
મારી ચુમીના ચોપન હજારરે—મારા.

સર્વ પાત્રો— ૫૩

ધર્મરાજ આજે રાજે વિરાજે,
રાજ, છે પુરણ સુખ ભાજ
ક્ષિતિ પતિ અતિ, અમ પ્રતિ પ્રિતિ.
ધૃતિ સતિ મતિ કૃતિ વૃતિ ગતિ
દાખ, રહો અખંડ સુરાજ.
પરી પરી પરી અરી અરી અરી,
વરી વરી વરી કીરતી કીરતી,
રાજ, રહો અવિચળ રાજ.

લ. લા. વ્યાસ.

સમાપ્ત.

ઝુમ ઝુમ, રસિલિ રૂમ ઝુમ,
ઝુમ ઝુમ, રિઝવ રૂમ ઝુમ,
શું આવાં શું કહાડો સખીઓ
મોટું નહીં આળ, સુણી ઉર ઉઠે ઝાળ
ઠીકજ ઠીકજ ઠીક બધું આ—પ્રિય રંગિલિ

કરણ વગેરે— ૫૮

આશિષ આશિષ દેએ, સૂખી હો જોડું હર્દમ
પાડો હર પૂરી સૌ આશ, ચાહેછે સર્વે આજન-મન
રાણી તું કામિની, શાણી તું માનિની,
દાનિતું દામિની, થાજે પ્રિતમ હેવાતન હો અખંડ!

સમાપ્ત.